| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને**
**સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૩૦૨/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **ચંદુભાઈ ભેમાભાઈ ચુનારા**
ઉ.વ.૩૬, ધંધો–મજુરી,
રહે. ભાથીજી વાળુ ફળીયુ, અલીન્દ્રા,
તા. વસો, જી. ખેડા.

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **ગુજરાત સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૮૩ મુજબની**
**જામીન અરજી. (ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબ)**

.................................................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ.બી. વાઘેલા
સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી આર.જી.બ્રહમભટ્ટ

.................................................................................................

## –:: **હુકમ** ::–

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ માતર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુન્હા રજીસ્ટર નંબર : ૧૧૨૦૪૦૪૦૨૫૦૪૧૬/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૧) તથા પોકસો એકટની કલમ–૧૨, ૫(એલ), ૬, ૫(જે), ૨ મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ તેઓની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે,અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી, સદર ગુનામાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે. સદરહું ગુનામાં કોઈ સંગ્નેય ભાગ ભજવેલ નથી તેમજ સદરહું કામના અરજદારે કહેવાતા ગુના બાબતને કોઈપણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ નથી. અરજદાર સામેની સમગ્ર ફરીયાદ હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે આક્ષેપિત ગુન્હાને

લગતી વ્યાખ્યા મુજબના કોઈ આવશ્યક તત્વો જણાઈ આવતા નથી. અરજદારને તેઓના બે સગીર સંતાનો તથા તેમના મોટા ભાઈના ત્રણ સંતાનોના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે. અરજદાર તેઓના પરીવારના એકમાત્ર કમાઉ સભ્ય છે. અરજદારને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેઓનું કુટુંબ રઝળી જાય તેમ છે અને બાળકોના ભવિષ્યને ખુબ જ ગંભીર નુકશાન થાય.ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો પોકસો કેસ નં. ૯/૨૦૨૬ પડેલ છે. જેથી હવે વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત રહેતી ના હોય તેમજ સાક્ષી પુરાવા સાથે ચેડા થવાનો કોઈ સંભવ રહેલ ના હોય, જેથી પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે. અરજદાર/આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર અલીન્દ્રા તાલુકાના સ્થાનિક રહેવાસી હોય કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુકત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી આર.જી.બ્રહમભટ્ટ હાજર થઈ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં ભારપૂર્વક જણાવેલ છે કે,આ કામના અરજદાર/આરોપી એ ફરીયાદીની બહેન સગીર વયની હતી તે દરમ્યાન આરોપી પોતે પરણીત હોવા છતાં ભોગ બનનારઘરમાં એકલી હોય ત્યારે ત્યારે ભોગ બનનારના

ઘરમાં જઈ ભોગ બનનાર સાથે બળજબરી પૂર્વક ધાકધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચરી ભોગ બનનારને ગર્ભવતી બનાવી તેણીને બાળકીનો જન્મ અપાવી ગુન્હો કર્યાનો કેસ છે. હાલના અરજદાર / આરોપી ૩૬ વર્ષના પરણીત અને બે સંતાનોના પિતા છે અને તેઓ ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં તેણીની મરજી વિરૂધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવી બાળકીનો જન્મ થયેલ છે. અરજદાર / આરોપી સામે પોકસો એકટ મુજબનો ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા નથી. અરજદાર/આરોપી અને ભોગ બનનાર નજીક નજીકમાં રહેતા હોય જો અરજદાર / આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થાય તેમ હોય, નાસી–ભાગી જાય, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય, જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની અરજી રદૃ કરવા માંગણી કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધું. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીની બહેન સગીર વયની હતી તે દરમ્યાન આરોપી પોતે પરણીત હોવા છતાં ભોગ બનનારઘરમાં એકલી હોય ત્યારે ત્યારે ભોગ બનનારના ઘરમાં જઈ ભોગ બનનાર સાથે બળજબરી પૂર્વક ધાકધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચરી ભોગ બનનારને ગર્ભવતી બનાવી તેણીને બાળકીનો જન્મ અપાવી ગુન્હો કર્યાનો કેસ છે. અરજદાર/આરોપીના વિ.વ. શ્રીએ રજુઆત કરેલ છે

કે, અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓ તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપી ગરીબ વર્ગના છે અને તેઓના શીરે તેમના બે સગીર બાળકો તથા તેમના મોટા ભાઈના ત્રણ સંતાનોના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર/આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી.સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે, જેથી અરજદાર/આરોપીની તપાસના કામે જરૂરીયાત રહેતી ન હોઈ, અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ છે જે તમામ હકીકતો ધ્યાને લઈ શરતોને આધિન અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.સદર કામે સરકારી વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી ૩૬ વર્ષના પરણીત અને બે સંતાનોના પિતા હોય અને ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનાર તેના ઘરમાં એકલી હોય ત્યારે તેણીની મરજી વિરૂધ્ધ અવારનવાર શારીરીક સંબં ધ બાંધી ગર્ભવતી બનાવી બાળકીનો જન્મ કરાવી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલ હોય તેવી કોઈ હકીકત અરજદારના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. અરજદાર/આરોપી અને ભોગ બનનાર નજીક નજીકમાં રહેતા હોય જો અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થાય તેમજ ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય તેવી દલીલમાં તથ્ય હોવાનું જણાય આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાઈ આવતુ ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના અરજદાર/આરોપી **ચંદુભાઈ ભેમાભાઈ ચુનારા** નાઓની ફોજદારી પરચુરણ અરજી નં.**૩૦૨/૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ:**૨૭મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૨૭/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશ્નલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા-એટ-નડીયાદ.
(જયુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)

(/મિશ્રા)